## બ્યુરોને અરજી મોકલતાં ધ્યાનમાં રાખો :–

૧. કોઈપણ નાગરિક લાંચિયાવૃત્તિ અંગેની અરજી નિયામકશ્રીને કોરા કાગળ ઉપર કે ઈમેઈલ (cr-acb-ahd@gujarat.gov.in) મારફતે મોકલી શકે છે. આવી અરજીઓ અંગે સચોટ કાર્યવાહી થઈ શકે તે હેતુસર શકય તેટલી સચોટ વિગતો ઉપરાંત અરજદારે પોતાનું સાચું નામ, સરનામું અને ટેલિફોન નંબર અરજીમાં દર્શાવવા જોઈએ. અરજી તપાસ માટે કોઈ ચોકકસ સમય મર્યાદા નિર્દિષ્ટ કરાયેલ નથી, પરંતુ દરેક અરજીનો નિકાલ વહેલામાં વહેલી તકે કરવામાં આવે છે.

૨. રાજય સરકારના અધિકારી / કર્મચારી ઉપરાંત કેન્દ્ર સરકારના અધિકારી / કર્મચારીઓ વિરુધ્ધ પણ પગલાં લેવા બ્યુરો સક્ષમ છે, તેથી કેન્દ્ર સરકારના અધિકારી / કર્મચારી વિરુધ્ધની પણ રજૂઆત નાગરિકો કરી શકે છે.

૩. જો કોઈ સરકારી કર્મચારી / અધિકારી આપની પાસે લાંચની માંગણી કરતો હોય તો તેની જાણ એ.સી.બી. કંટ્રોલ રૂમ, અમદાવાદ ખાતે ૦૭૯– ૨૨૮૬૯૨૨૮, ૨૨૮૬૦૩૪૧, ૨૨૮૬૦૩૪૨, ૨૨૮૬૦૩૪૩ ટેલીફોનિક જાણ કરી લખાવી શકાય છે તેમજ એસ.એમ.એસ.થી માહિતી આપવી હોય તો એ.સી.બી.ના કંટ્રોલ રૂમમાંઉપલબ્ધ મોબાઈલ નં.૦૯૦૯૯૧૧૦૫૫ થી આપી શકશો તેમજ એ.સી.બી. ખાતે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૪૪૪૪૪ ઉપર કરી શકાય છે. એ.સી.બી.કંટ્રોલ રૂમ અમદાવાદ ૨૪ કલાક કાર્યરત છે.

૪. લાંચ રૂશ્વત અંગેની ફરિયાદ / અરજી માટે એ.સી.બી.ના સ્થાનિક પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટરશ્રીનો કચેરી સમય દરમિયાન પો.સ્ટે.ના રૂબરૂમાં અથવા ટેલિફોન નંબરો ઉપર સંપર્ક સાધી શકાય છે તેમજ મદદનીશ નિયામકશ્રીનો પણ સંપર્ક સાધી ફરિયાદ કરી શકાય છે.

૫. ખોટા નામે કે બેનામી અરજી કરવામાંઆવશે તો સરકારશ્રીની સ્થાયી સૂચના અનુસાર તેવી અરજી દફતરે કરવાપાત્ર થાય છે તથા ખોટી માહિતી આપનાર વિરુધ્ધ ફોજદારી કાર્યવાહી કરવામાંઆવી શકે છે.

૬. લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની કામગીરી વિશે કોઈ ફરિયાદ હોય કે સુધારાત્મક સૂચનો હોય તો તે નિયામકશ્રીને ટપાલ / ઈમેઈલ મારફતે પાઠવી શકાય છે.

## શું કરવું:–

૧. કોઈપણ જાહેર સેવા વિભાગ, પ્રભાગ કે કચેરીના જાહેર સેવકે પ્રજાલક્ષી કામોને પોતાની કાયદેસરની ફરજનો ભાગ સમજી જાહેર હિતમાંઆવી ફરજો બજાવી કાર્ય કરવું અને તેના અવેજમાં પોતાના અંગત લાભ ખાતર કોઈપણ પ્રકારની ચીજવસ્તુ, ભેટ, સોગાદ (તોષણ) કે નાણાંની અપેક્ષા ગેરકાયદે હોઈ, આવો કોઈ સ્વીકાર કરવો નહિ.

૨. જો કોઈ જાહેર સેવક પોતાની કાયદેસરની ફરજના ભાગરૂપેનું કાર્ય કરવા માટે નાગરિક પાસેથી લાંચ, ભેટ, સોગાદ (તોષણ) કે ગેરકાયદે અવેજની માંગણી કરે અથવા હોદ્દાનો દુરુપયોગ કરી આવી માંગણી કરે તો તે નાગરિકે આ અંગે જાહેર સેવક સાથે લાંચની રકમની લેતી દેતી અંગેનો સમય નકકી કરી એ.સી.બી.ના અધિકારી રૂબરૂ આવી ફરિયાદ જાહેર કરવી જોઈએ.

૩. કોઈ જાહેર સેવક પ્રમાણિકતાથી પોતાની ફરજ બજાવતા હોય અને તેમને ફરજ દરમિયાન કાયદેસરના કામોમાં તરફદારી કરી આપવા સામેની વ્યકિત લાલચ, પ્રલોભન આપી લાંચ આપવાની પેરવી કરે તો તે સંજોગોમાં જાહેર સેવકે પણ એ.સી.બી.ના અધિકારી રૂબરૂ આવી ફરિયાદ જાહેર કરવી જોઈએ.

૪. જાહેર સેવકે તેની કાયદેસરની આવકના સ્ત્રોત તેમજ વસાવેલી સ્થાવર/જંગમ મિલકત અંગેની તત્સમયે લાગુ પડતા શિસ્ત અને વર્તણૂંકના નિયમોની જોગવાઈ મુજબ નિયત સમય મર્યાદામાંજાણ / મંજુરી/ પૂર્વ મંજુરી સક્ષમ અધિકારીને કરવી જોઈએ તેમજ આશ્રિતો કોઈ ધંધા વ્યવસાય સાથે સંકળાયેલા હોય અથવા અન્ય આવક ધરાવતા હોય તો તેની પણ જાણ કરવી જોઈએ.

૫. જાહેર સેવકે તેમની તમામ પ્રકારના સ્ત્રોતની આવક આવકવેરા અધિનિયમ અંતર્ગત તેમના આવકવેરા રીટર્નમાંજાહેર કરવી જોઈએ.

## શું નહિં કરવું:–

૧. કોઈપણ જાહેર સેવક તેની કાયદેસરની ફરજમાં આવતુંકાર્ય કરવા માટે કોઈપણ પ્રકારની લાંચ, ચીજવસ્તુ, ભેટસોગાદ કે ગેરકાયદે અવેજની માંગણી નાગરિક પાસે કરે તો તેના પ્રભાવમાં આવી કોઈ માંગણી સ્વીકારવી નહિ અને છતાં આવો પ્રસંગ બને તો બ્યુરોના અધિકારીનો અવશ્ય સંપર્ક સાધી ફરિયાદ જાહેર કરવી.

૨. લાંચના દૂષણથી પ્રેરાઈ પોતાના અંગત લાભને ધ્યાનમાં લઈ જાહેર સેવક પાસેથી કામ કરાવવાથી જાહેર હિત અને રાષ્ટ્રને આર્થિક નુકશાન થતુંહોય તેની સામાજિક, વિકાસ, વહીવટી, શૈક્ષણિક, સુરક્ષા, વેપાર વગેરે ક્ષેત્રો ઉપર વિપરીત અસર પડતી હોઈ, આવી પ્રથાને સાજિક દૂષણ સમજી તેનાથી દૂર રહેવું જોઈએ.

न्याय सब के लिए

ACCESS TO JUSTICE FOR ALL

# ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ
# અમદાવાદ

# લાંચ રૂશ્વત વિરોધી અભિયાન
# – સંક્ષિપ્ત આલેખન

## કેવળ જન જાગૃતિ અર્થે

★ આ અભિયાન અંતર્ગત કોઈપણ પ્રકારની જાણકારી અથવા મદદ માટે એ.સી.બી. કંટ્રોલ રૂમ, અમદાવાદ ખાતે ૦૭૯– ૨૨૮૬૯૨૨૮, ૨૨૮૬૦૩૪૧, ૨૨૮૬૦૩૪૨, ૨૨૮૬૦૩૪૩ તથા એ.સી.બી.ના કંટ્રોલ રૂમમાં ઉપલબ્ધ મોબાઈલ નં.૦૯૦૯૯૧૧૦૫૫ થી તેમજ એ.સી.બી. ખાતે ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩ ૪૪૪૪૪ ઉપર સક્ષમ અધિકારીશ્રીનો અને કાનૂની સહાય માટે ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદનો ટેલીફોન –ફેકસ નં. ૦૭૯– ૨૭૬૬૪૯૬૪, ૨૭૬૬૫૨૯૬ તથા ટોલ ફ્રી નં.૧૮૦૦–૨૩૩–૭૯૬૬ ઉપર તેમજ જિલ્લા સ્તર પર સંબંધિત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરી શકાય છે.

★ સૂચના–સહ સામગ્રી કેવળ જન જાગૃતિ અર્થે છે.

**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**
**ત્રીજો માળ, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ બિલ્ડીંગ,**
**ગુજરાત હાઈકોર્ટ પોસ્ટ ઓફિસ પાસે,**
**ગુજરાત હાઈકોર્ટ કોમ્પ્લેક્ષ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.**
**ટોલ ફ્રી નં. : ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦**

## પૂર્વભૂમિકા :–

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તારીખ:૩૧/૧૦/૨૦૦૩ના રોજ ઠરાવ પસાર કરીને દરેક વર્ષની ૦૯ મી ડિસેમ્બરનો દિવસ તે આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કરેલ છે. સંયુક્ત રાષ્ટ્ર ભ્રષ્ટાચારની ગંભીરતા અને તેની સમસ્યા પ્રત્યે ગંભીર હોવાથી તથા સમાજની સુરક્ષા ધ્યાને રાખીને અને લોકશાહીના નૈતિક મૂલ્યો જળવાઈ રહે અને ન્યાયનું શાસન સ્થપાય તે માટે ભ્રષ્ટાચારને નેસ્તનાબૂદ કરવા તથા તેને રોકવા માટે અસરકારક પગલાં લેવાનું અને ભ્રષ્ટાચાર વિરોધી લડતમાં આંતરરાષ્ટ્રીય સહકાર તથા ટેકનીકલ મદદ આપવાનું પણ ઠરાવવામાં આવ્યું છે.

દરેક સરકારે તેઓના કર્મચારીઓમાં ફરજ નિષ્ઠા વધારવા તથા વહીવટી કામકાજને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવાના હેતુથી લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો કાર્યરત કરેલ છે અને તેનો મુખ્ય હેતુ ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનો છે.

## ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ :–

સમાજમાં પ્રવર્તતા ભ્રષ્ટાચાર માટે સામાન્ય રીતે 'લાંચ' શબ્દ પ્રચલિત છે. સામાન્ય નાગરિક લાંચ એટલે કાયદેસરનું કામ કરાવવા માટે આપવી પડતી નાણાંકીય રકમ તેટલું જ સમજે છે, પરંતુ લાંચ શબ્દનો વિસ્તૃત અર્થ છે. આ અધિનિયમમાં લાંચ શબ્દની વ્યાખ્યા આપવામાં આવતી નથી. આથી નાગરિકોએ એ જાણવાની જરૂર છે કે ફક્ત નાણાંકીય વ્યવહાર જ નહિ, પરંતુ જાહેર સેવકને તેની ફરજમાં આવતી કામગીરી કરવા કે ન કરવા માટે આપવામાં આવતી ભેટ કે બક્ષિસ પણ લાંચનો જ એક ભાગ છે.

## લાંચની કાનૂની વ્યાખ્યા અને તેની સરળ સમજ :–

૧. સમાજમાં પ્રવર્તમાન ભ્રષ્ટાચારના સંદર્ભમાં લાંચ રૂશ્વત શબ્દ પ્રચલિત છે. સામાન્ય નાગરિક લાંચ એટલે કાયદેસરનું કામ કરાવવા માટે આપવી પડતી નાણાંકીય રકમ તેટલું જ સમજે છે, પરંતુ લાંચ શબ્દનો વિસ્તૃત અર્થ છે. લાંચ એટલે ફક્ત નાણાંકીય વ્યવહાર જ નહિ, પરંતુ જાહેર સેવકને કામગીરી કરવા કે ન કરવા માટે આપવામાં આવતી ભેટ કે બક્ષીસ સ્વરૂપની વસ્તુનો પણ સમાવેશ થાય છે.

૨. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ–૧૯૮૮ ની કલમ ૨(ગ) માં જાહેર સેવક કાર્ય, જેમાં પ્રજાનું બહોળું હિત હોય તેવી જાહેર ફરજ બજાવવા માટે જેને ફી કે કમિશનરૂપે સરકાર તરફથી મહેનતાણું કે આર્થિક સહાય મળતી હોય તેવી કોઈ સંસ્થાના કર્મચારી, અધિકારીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સરકારી અનુદાન મેળવતી કોઈપણ સરકારી કંપની, સંસ્થા, યુનિવર્સિટી કે શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, કોર્પોરેશન કે સત્તા મંડળોના હોદ્દેદારો અને કર્મચારીઓનો સમાવેશ થાય છે.

૩. જાહેર સેવક કાયદેસરના મહેનતાણાં સિવાય કોઈપણ જાહેર હિતનું કામ કરવા કે ન કરવા માટે રોકડ નાણું, ભેટ કે કિંમતી વસ્તુની માંગણી કરે તો આ અધિનિયમની કલમ ૭ મુજબ ગુનો કરે છે અને ગુનો સાબિત થયે પાંચ વર્ષ સુધીની (કેદ તથા દંડની) શિક્ષા થઈ શકે છે.

૪. આ અધિન્યિમની કલમ–૧૨ નીચે જાહેર સેવકને જાહેર હિતના કામ માટેની કાયદેસરની ફી હોય તે સિવાયની રકમ આપવી તે પણ ગુનો બને છે.

૫. ગુનો સાબિત થયે પાંચ વર્ષ સુધી (કેદ તથા દંડ)ની શિક્ષા થઈ શકે છે. જાહેર સેવક દ્વારા અથવા તેના આશ્રિત વ્યકિત દ્વારા વસાવેલી સ્થાવર–જંગમ મિલકતો બાબતોનો તેણે આપેલો હિસાબ જો અનિયમિત જણાય તો તેની વિરુદ્ધમાં કલમ–૧૩ (૧)(ઈ) નીચે ગુનો દાખલ થઈ શકે અને ગુનો સાબિત થયે સાત વર્ષ સુધીની (કેદ તથા દંડની) શિક્ષા થઈ શકે છે.

## ભ્રષ્ટાચાર નાબૂદીમાં જાગૃત નાગરિક શું કરી શકે? :–

૧. કોઈ જાહેર સેવક દ્વારા તમારી કાયદેસરની રકમ સિવાય લાંચની માંગણી કરવામાંઆવે તો તાતકાલિક નજીકની લાંચ રૂશ્વત વિરોધી કચેરીનો સંપર્ક કરો.

૨. કોઈ જાહેર સેવક દ્વારા અપ્રમાણસર મિલકતો વસાવેલ હોવા અંગેની આપને જાણ હોય તો તે વિગતો સાથે નજીકની લાંચ રૂશ્વત વિરોધી કચેરીનો સંપર્ક કરો અથવા લેખિતમાં વિગતવાર માહિતી બ્યુરોના નિયામકશ્રીને પણ મોકલી શકો છો. વધુમાં ન્યાયિક મદદ માટે નજીકની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કચેરીનો અથવા તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરી શકો છો.

૩. પ્રમાણિક અધિકારી / કર્મચારીને તેની ફરજથી ચલિત થવા લાલચ–પ્રલોભન આપી ખરીદ કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો આવા પ્રમાણિક અધિકારી / કર્મચારી પણ ફરિયાદ કરી શકે છે અને તે આધારે પણ લાંચના છટકાનું આયોજન થાય છે.

૪. સંવેદનશીલ જગ્યાઓએ ભ્રષ્ટાચાર ચાલતો હોય અને તેમાં મેળાપીપણામાં લાંચની રકમની આપ–લે થતી હોય અને ફરિયાદ થવાની શકયતા ન હોય તો જાગૃત નાગરિક તરીકે ગુપ્ત માહિતી બ્યુરોને આપી શકાય છે. બ્યુરો દ્વારા આ બાબતે કાર્યવાહી હાથ ધરવામાંઆવે છે.

૫. કોઈ ખાનગી વ્યકિત જાહેર સેવક વતી લાંચ સ્વીકારે અથવા લાગવગ ચલાવવા માટે ગેરકાયદેસરના સાધનો દ્વારા લાંચ લે તેવા ખાનગી વ્યકિત પર પણ ગુનો દાખલ થઈ શકે છે.

૬. સરકારી સંપત્તિનો દુર્વિનિયોગ થતો હોય તે અંગે પણ બ્યુરોને ગુપ્ત માહિતી આપી શકાય છે.

૭. રાજય સેવક દ્વારા હોદ્દાનો દુરૂપયોગ કરી સરકારશ્રીને નાણાંકીય નુકશાન થાય અને તેનાથી અન્ય વ્યકિતને લાભ કરાવે તે રીતે કરવામાં આવેલ ગુન્હાહિત ગેરવર્તન અંગેની લેખિતમાં માહિતી પણ આપી શકાય છે.

## જાગૃત નાગરિક તરીકે ભ્રષ્ટાચારનો વિરોધ કરવા આટલુંજાણો:–

૧. લાંચરૂશ્વત વિરોધી બ્યુરોની મુખ્ય ફરજ લાંચિયાવૃત્તિ આચારનાર તેમજ જે જગ્યાઓએ ભ્રષ્ટ રીતરસમો અપનાવી કાર્ય કરવામાંઆવે છે તેવી જગ્યાઓ શોધી કાઢી અનુક્રમે ટ્રેપ / ડીકોયની કાર્યવાહી કરવામાં આવે છે.

૨. ભ્રષ્ટ રીતરસમોથી મિલકતો ભેગી કરનાર રાજય સેવકો વિરુધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ સચોટ કાયદાકીય કાર્યવાહી કરી આવી મિલકતો જપ્ત કરવામાં આવે છે.

૩. ભ્રષ્ટાચાર નિવારણના બ્યુરોના મુખ્ય ધ્યેયની પ્રાપ્તિ માટે કોઈપણ નાગરિકની લાંચ અંગેની ફરિયાદ આધારે છટકું આયોજિત કરવાની તેમજ લાંચિયાવૃત્તિ અંગેની અરજીઓ બાબતે ડીકોય / તપાસની કામગીરી બ્યુરોની કચેરી ખાતે ઉપલબ્ધ અધિકારીઓ મારફતે કરવાની થાય છે.

૪. કોઈપણ નાગરિક લાંચ રૂશ્વત અંગે હકૂમત ધરાવતા એ.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરી શકે છે અને તે માટે કોઈ ફોર્મ કે ફી નિયત કરેલ નથી. ફરિયાદની જાહેરાત થયા પછી લાંચનું છટકું ગોઠવવા માટે કોઈ સમય મર્યાદા નિર્દિષ્ટ કરાયેલ નથી, પરંતુ આક્ષેપિત રાજય સેવક સાથે લાંચની આપ–લે માટે નકકી થયેલ તારીખે છટકું ગોઠવવામાં આવે છે.